DPS student Radhika Parikh is a classical music performer. Recently she participated in “Sangeet Sankalp Saptah” organised by Saptak School of Music. She enthralled the audience by her soulful and mellifluous music performance.

# “આજ ગોપાલ રાસ રસ ખેલત...
# ...શ્યામ મુરારિ બનવારી ગિરધારી”

‘સંગીત સંકલ્પ સપ્તાહ’ના દ્વિતીય દિવસે રાજવી સંગીતકારોના પરિવારમાંથી પધારેલ ગ્વાલિયર ઘરાનાના ગાયક પંડિત ચન્દ્રપ્રકાશ તનવરે હવેલી સંગીતની પ્રસ્તુતિ કરી વાતાવરણ ભક્તિમય બનાવી દીધું. તેમણે રાગ યમનમાં દાણલીલાનું પદ રજૂ કર્યું ‘‘દાન કેલી જો મન બસે.’’ રાગ બાગેશ્રીમાં રાસનું પદ અને વધામણી પછી આશ્રય પદ ‘‘દ્રઢ ઈન ચરણન’’થી સમાપન કર્યું. અમદાવાદના બિમલ ભટ્ટાચાર્યે તબલાંનું એકલવાદન તાલ તીનતાલમાં કરી રેલા, ગત, ટૂકડા, ચક્રધાર અને પરન પેશ કર્યા. રાજેશ ઐયર અને હરેશ નાયકે રસપ્રદ યુગલગાન થકી રાગ જોગ કૌંસ રજૂ કરતાં ગાયું ‘‘મોરે જિયાકી બાત કાસે કહું..’’ દિલ્હીના સુશ્મિત સીલે સરોદવાદનમાં રાગ કૌશી કાનડા છેડી વિલંબિત તીનતાલ, મધ્યલય તીનતાલ અને દ્રુત તીનતાલથી રંગત જમાવી. સમગ્ર કાર્યક્રમ સહકલાકારોના વાદનથી શોભી ઊઠ્યો.


રાધિકા પરીખ


ડૉ.ગગનદીપ હોથી

તૃતીય દિને અમદાવાદના પંડિત કૃષ્ણકાંત પરીખના પૌત્રી રાધિકા પરીખે પરિવાર તેમજ મેવાતી ઘરાનાના પં.જસરાજજીની તાલીમની જાણે પ્રસાદી વહેંચી. રાગ પૂરિયા ધનાશ્રીમાં વિલંબિત એકતાલમાં ‘ઢૂંઢન જાઉં’ અને મધ્યલય ત્રિતાલમાં ‘‘શ્યામ મુરારિ...’’ રજૂ કરી બેઠકનો શુભારંભ કર્યો. સપ્તકના ધ્રુવ કોઠારીનું એકલ તબલાવાદન તાલ તીનતાલમાં સૌએ માણ્યું. ત્રીજા ચરણમાં મુંબઇના આદિત્ય ખાંડવે રાગ મારુ બિહાગમાં વિલંબિત એકતાલમાં ‘‘અત મન ભાયે’’ ઘૂંટાયેલા સ્વરમાં સાંભળી શ્રોતાઓ કૃતકૃત્ય થઇ ગયા. અંતિમ તબક્કે કુમાઉ મંડલ-નૈનિતાલથી ખાસ પધારેલ ડૉ.ગગનદીપ હોથીએ સૂરીલું અને ધમાકેદાર સિતારવાદન પીરસ્યું જેમાં રાગ માલકૌંસ દીપી ઊઠ્યો. ઈમદાદખાની ઘરાનાની છાંટ તેમાં અનુભવાઇ. સાથી કલાકારોએ ખરા અર્થમાં રંગ રાખ્યો એમ ‘સંકલ્પ’ના સ્થાપક ડૉ.મુકેશ ગર્ગે સહર્ષ નોંધ્યું.

## ૧૮ ઓક્ટોબર

**પ્રથમ બેઠક -**
જય શાહ, વોકલ, અમદાવાદ
હેમંત જોશી, તબલાં, અમદાવાદ
વિજય દવે, હાર્મોનિયમ, અમદાવાદ

**દ્વિતીય બેઠક-**
ઋષિ શાસ્ત્રી, પ્રણવ પંડ્યા, વોકલ
વસિષ્ઠ શાસ્ત્રી, તબલાં, સુરત
હેમંત ભટ્ટ, પખવાજ, અમદાવાદ

**તૃતીય બેઠક-**
અનામિકા દિક્ષીત, સિતાર, વારાણસી
નકુલ મિશ્રા, તબલાં, અમદાવાદ

**ચતુર્થ બેઠક-**
ગિરિન્દ્રા તાલેગાંકર, વોકલ, જયપુર
સપન અંજારિઆ, તબલાં
રાજુ ગોંધર્વ, હાર્મોનિયમ